RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 14, Issue : 252, Dt.13-12-2023 Wednesday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# સંસદની સુરક્ષામાં ચૂકઃ બે વ્યક્તિઓ ઘૂસી ગયા



## દર્શક ગેલેરીમાંથી એક મહિલા અને એક યુવાને સંસદમાં માર્યો કુદકોઃ દિલ્હી પોલીસ અને આઈબી દ્વારા બંનેની સઘન પૂછપરછઃ ગૃહની કાર્યવાહી સ્થગિતઃ જોગાનુજોગ આજે ૨૨ વર્ષ પહેલાં થયેલાં હુમલાની વરસી

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

સંસદની સુરક્ષામાં મોટી ચૂકની ઘટના સામે આવી છે. આજે લોકસભાની કાર્યવાહી ચાલી રહી હતી ત્યારે પ્રેક્ષક ગેલેરીમાંથી બે શખસ કૂદ્યા હતા અને દોડ્યા હતા. તેને જોતાં જ સાંસદો ડરી ગયા હતા અને લોકસભામાં અફરાતફરીનો માહોલ બની ગયો હતો. બંને પકડાઈ ગયા છે. તેમની પાસેથી કલર સ્મોક સેલ મળી આવ્યા છે. સંસદમાં ડબ્બો ફેંકીને પીળો ધૂમાડો છોડ્યો હતો.

૧૩ ડિસેમ્બર, ૨૦૦૧માં સંસદ પર હુમલો થયો હતો. ફરી ૨૨ વર્ષ પછી એવી જ ઘટનાનું પુનરાવર્તન થતાં રહી ગયુ છે. કહેવામાં આવી રહ્યું છે કે કાર્યવાહી દરમિયાન જે બે લોકો ઘુસ્યા તેમાંથી એકનું નામ સાગર છે. બંને સાંસદના નામે લોકસભા વિઝિટર પાસ લઈને અંદર ઘુસ્યા હતા. બે લોકોએ સંસદની અંદર ધુમાડો છોડ્યો. તેમજ, એક પુરુષ અને એક મહિલા સંસદની બહાર પીળો ધુમાડો છોડ્યો. સુરક્ષાકર્મીઓ તેમને પકડીને બહાર લઈ ગયા હતા. આ દરમિયાન આ લોકો નારા લગાવી રહ્યા હતા.

આ ઘટના બપોરે ૧ વાગ્યે બની હતી. આ પછી બપોરે ૨ વાગ્યે ફરી ગૃહની કાર્યવાહી શરૂ થઈ. લોકસભાના સ્પીકર ઓમ બિરલાએ કહ્યું- હમણાં જ જે ઘટના બની તે દરેકની ચિંતાનો વિષય છે. તેની તપાસ ચાલુ છે. દિલ્હી પોલીસને પણ તપાસના આદેશ આપવામાં આવ્યા છે. પ્રાથમિક તપાસમાં તે સામાન્ય ધુમાડો હતો. વિગતવાર તપાસના પરિણામો વિશે દરેકને જાણ કરવામાં આવશે.

જ્યારે DMKના સાંસદ ટીઆર બાલુએ આ મામલે સવાલ પૂછવા માંગતા સ્પીકરે કહ્યું કે બંને લોકો પકડાઈ ગયા છે. તેમની પાસેથી મળી આવેલી ચીજવસ્તુઓ જપ્ત કરવામાં આવી છે. ગૃહની બહાર રહેલા બે લોકોની પણ ધરપકડ કરવામાં આવી છે.આ પછી કોંગ્રેસના સાંસદ અધીર રંજન ચૌધરીએ કહ્યું કે ૨૦૦૧માં સંસદ પર હુમલો થયો હતો. આજે ફરી એ જ દિવસે હુમલો થયો છે. શું આ સાબિત કરે છે કે સુરક્ષામાં કોઈ ચૂક થઈ છે.

## મધ્ય પ્રદેશના મુખ્યમંત્રી પદના શપથ લેતાં મોહન યાદવ

### વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ગૃહમંત્રી અમિત શાહ, ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ જે.પી. નડ્ડા સહિત ટોચના નેતાઓ હાજર રહ્યા

**મુખ્ય સમાચાર, ભોપાલ**

પાંચ રાજયોની વિધાનસભા ચૂંટણીમાં હિન્દી બેલ્ટના તમામ ત્રણ રાજયોમાં ભાજપે પ્રચંડ વિજય મેળવ્યા બાદ આજે મધ્યપ્રદેશનાં મુખ્યમંત્રી તરીકે મોહન યાદવે વડાપ્રધાન નરેન્દ્ર મોદી તથા ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ જે.પી.નડ્ડા તેમજ કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહ આ ઉપરાંત ભાજપ શાસનના ૧૧ રાજયોના મુખ્યમંત્રીની હાજરીમાં શપથ ગ્રહણ કર્યા હતા.





જયારે નાયબ મુખ્યમંત્રી તરીકે નિયુક્ત થયેલા ભાજપના બે વરિષ્ઠ નેતા જગદીશ દાવડા અને રાજેન્દ્ર શુકલાએ શપથ લીધા હતા જયારે બીજી તરફ છતીસગઢમાં સાંજે ચાર વાગ્યે નવા મુખ્યમંત્રીની શપથ યોજાશે જેમાં પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમીત શાહ તથા ભાજપ શાસનના મુખ્યમંત્રીઓ પણ હાજર રહેશે. ભાજપે લાંબી કવાયત બાદ સરકાર રચવા માટેની અંતિમ કામગીરી આજથી શરુ કરી છે.

## ચંદ્રયાન બાદ હવે ૨૦૪૦ સુધીમાં ભારતીય અંતરિક્ષ યાત્રિને ચંદ્ર પર ઉતારાશે

### ઈસરોના વડા એસ. સોમનાથે કરી મોટી જાહેરાતઃ આ માટે ચાર એસ્ટ્રોનોટ તાલિમ લઈ રહ્યા છે

**મુખ્ય સમાચાર, તિરૂવનથપુરમ**

ચંદ્રની સપાટી પર ચંદ્રયાન-૩ ની સફળ લેન્ડીંગ બાદ ઈસરોએ ચંદ્રની સપાટી પર હવે વર્ષ ૨૦૪૦ સુધીમાં ભારતીય અંતરીક્ષ યાત્રીઓને ઉતારવાનું સપનું સેવ્યુ છે. ઈસરોનાં અધ્યક્ષ એસ.સોમનાથે જણાવ્યું હતું કે ચંદ્રયાન-૩ ની સફળતા બાદ ચંદ્ર પર પહેલીવાર ભારતીય અંતરીક્ષ યાત્રીઓને મોકલવાની યોજના પર જોરશોરથી કામ થઈ રહ્યુ છે. જે માટે બે થી ત્રણ ભારતીય અંતરીક્ષ યાત્રીઓની એક ટીમને ત્રણ દિવસ સુધી પૃથ્વીની નીચલી કક્ષા (લીઓ)માં પહોંચાડવાની યોજના છે.



ત્યારબાદ તેમને અગાઉથી નકકી ભારતીય જલ ક્ષેત્રમાં સુરક્ષીત રીતે પરત લાવવામાં આવશે.

મનોરમા પર બુક ૨૦૨૪ માટે એક સ્પેશ્યલ આર્ટીકલમાં સોમનાથે લખ્યુ છે કે ભારતીય વાયુસેનાનાં ચાર પરીક્ષણ પાયલોટોને મિશન માટે અંતરીક્ષ યાત્રી તરીકે પસંદ કરવામાં આવ્યા છે. હાલ આ પાયલોટો બેગ્લૂરૂમાં અંતરીક્ષ યાત્રી ટ્રેનીંગ સુવિધા (એટીએફ)માં મિશન સાથે જોડાયેલી ટ્રેનીંગ લઈ રહ્યા છે. પ્રથમ સમાનવ અંતરીક્ષ મિશન ગગનયાનમાં મહત્વની ટેકનોલોજીનો વિકાસ સામેલ છે.

## ગત માસે રિટેલ ફુગાવો વધી ૫.૫ ટકા થયોઃ શાકભાજી અને ફળોના ઉંચા ભાવ જવાબદાર

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ત્રણ મહિનાના ઘટાડા પછી નવેમ્બરમાં ભારતનો છૂટક ફુગાવો વધીને ૫.૫૫% પહોંચી ગયો છે. તેનું કારણ શાકભાજી અને અનાજના ઊંચા ભાવ છે. ઓક્ટોબરમાં છૂટક ફુગાવો ૪.૮૭% હતો. જ્યારે સપ્ટેમ્બરમાં તે ૫.૦૨% હતો.

ડિપાર્ટમેન્ટ ઓફ કન્ઝ્યુમર અફેર્સ ડેટા અનુસાર નવેમ્બરમાં ડુંગળીના ભાવમાં મહિને દર મહિને ૫૮% વધારો થયો હતો, જ્યારે ટામેટાના ભાવમાં ૩૫% વધારો થયો હતો. આ સિવાય નવેમ્બરમાં બટાકાના ભાવમાં પણ ૨%નો વધારો




જોવા મળ્યો હતો.

મોંઘવારી સંબંધિત RBIની રેન્જ ૨%-૬% છે. આદર્શરીતે, RBI ઈચ્છે છે કે છૂટક ફુગાવો ૪% પર રહે. તાજેતરની નાણાકીય નીતિની બેઠકમાં RBIએ FY24 માટે છૂટક ફુગાવાના અંદાજને ૫.૪૦% પર જાળવી રાખ્યો હતો.

ફુગાવાનો સીધો સંબંધ ખરીદ શક્તિ સાથે છે. ઉદાહરણ તરીકે, જો ફુગાવાનો દર ૬% છે, તો ૧૦૦ રૂપિયાની કમાણી માત્ર ૯૪ રૂપિયાની થશે. તેથી ફુગાવાને ધ્યાનમાં રાખીને જ રોકાણ કરવું જોઈએ. નહીંતર તમારા પૈસાની કિંમત ઘટી જશે.


ફુગાવાનો વધારો અને ઘટાડો ઉત્પાદનની માંગ અને પુરવઠા પર આધારિત છે. જો લોકો પાસે વધુ પૈસા હશે તો તેઓ વધુ વસ્તુઓ ખરીદશે. વધુ વસ્તુઓ ખરીદવાથી વસ્તુઓની માંગ વધશે અને જો માંગ પ્રમાણે પુરવઠો નહીં મળે તો આ વસ્તુઓની કિંમતમાં વધારો થશે.

## બિપરજોય વાવાઝોડાના અસરગ્રસ્તો માટે ગુજરાતને ૩૩૮ કરોડની આર્થિક મદદ, કેન્દ્રીય ગૃહમંત્રાલયે આપી મંજૂરી

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

કેન્દ્રીય ગૃહમંત્રાલયે બિપરજોય વાવાઝોડાના સરગ્રસ્તો માટે ગુજરાત સરકારે ૩૩૮.૨૪ કરોડ રૂપિયાની આર્થિક સહાયને મંજૂરી આપી દીધી છે. અગાઉ રાજ્ય સરકારને SDRF હેઠળ રૂપિયા ૫૮૪ કરોડ ચૂકવાયા હતા. બિપરજોય વાવાઝોડું આ વર્ષે ૧૬ જુને ગુજરાતના દરિયાકાંઠે લેન્ડફોલ થયું હતું. કચ્છ અને સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં ૧૪૦ કિલોમીટરની ઝડપે પવન ફુંકાયો હતો, જેના કારણે ખેડૂતોના પાક, વૃક્ષો, વીજળીના થાંભલાઓને મોટાપાયે નુકસાન થયું હતું, તો આ વાવાઝોડાના કારણે કેટલાક મકાનો પણ તણાઈ ગયા હતા.

ગુજરાત સરકારે જુલાઈમાં કચ્છ અને બનાસકાંઠા જિલ્લાઓમાં વાવાઝોડાથી અસરગ્રસ્ત ખેડતો માટે ૨૪૦ કરોડ રૂપિયાના રાહત




પેકેજની જાહેરાત કરી હતી. રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે વિધાનસભામાં જણાવ્યું હતું કે, રાજ્ય સરકારે બિપરજોય વાવાઝોડાથી થયેલ નુકસાન માટે કેન્દ્ર પાસે ૭૦૦ કરોડ રૂપિયાના વળતરની માંગ કરી હતી, જોકે ૩૧ જુલાઈ સુધી કોઈપણ સહાય મળી ન હતી.

કેન્દ્ર સરકારે ૧૨ જુલાઈના રોજ ૨૨ રાજ્યોને સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફંડ માટે ૭૫૩૨ કરોડ રૂપિયાનું ફંડ જારી કર્યું હતું. કેન્દ્ર સરકારે મહારાષ્ટ્રને સૌથી વધુ ૧૪૨૦.૮૦ કરોડ રૂપિયા જ્યારે ગોવાને એસડીઆરએફ ફંડ માટે માત્ર ૪.૮૦ કરોડ રૂપિયા જારી કર્યા હતા. કેન્દ્ર સરકારે SDRF માટે સૌથી વધુ ફંડ મહારાષ્ટ્રને જારી કર્યું હતું. કેન્દ્ર સરકારે એકનાથ શિંદે સરકાર માટે સૌથી વધુ ૧૪૨૦.૮૦ કરોડ રૂપિયા ત્યારબાદ બીજા સ્થાને ઉત્તર પ્રદેશ માટે ૮૧૨ કરોડ રૂપિયા જાહેર કર્યા હતા. જ્યારે SDRF ફંડ પેટે ગુજરાતને ૫૮૪ કરોડ રૂપિયા જારી કરવામાં આવ્યા હતા.


# રાજકોટ મહાપાલિકાની કચેરીને તાળાબંધીઃ કર્મચારીઓએ ધોકો પછાડયો

## નવા ભરતી નિયમોમાં ફિકસીંગથી કંટાળેલા કર્મચારીઓ લડતનાં માર્ગઃ રામધૂન બોલાવી અન્યાય સામે ઉઠાવ્યો અવાજ









(તસ્વીરઃ આનંદ જાવિયા)







**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાના કર્મચારીએ આજે પોતાના પ્રશ્નોને લઈ ધોકો પછાડી મનપાની કેટલીક બ્રાંચમાં તાળાબંધી કરતા વાતાવરણ ગરમાયું હતું. કર્મચારી પરિષદે ભરતીના નિયમોની વિસંગતતા, અન્યાય અને ફરજ સોંપણી તેમજ જૂના પડતર પ્રશ્નો હલ કરવાના વાયદા કરીને કોઈ પ્રશ્ન નહીં ઉકેલાતા આજે ધરણા કાર્યક્રમ કર્યો હતો. કર્મચારી પરિષદના હોદેદારોએ જણાવ્યું હતું કે અમુક શાળાઓ જેવી કે મહેકમ અને કમિશનર બ્રાંચની શાખાના કર્મચારીઓને ગોળ અને બીજી બ્રાન્ચના કર્મચારીઓને ખોળ પીરસવા જેવી નીતિ મનપા તંત્ર અપનાવતુ હોય આ બાબતે અનેક રજૂઆત કરવા છતાં કુંભકર્ણની નિંદ્રામાંથી નહીં જાગેલા તંત્રને જગાડવા ન છૂટકે રામધૂન બોલાવી ધરણા કરવાની ફરજ પડી છે. આ દરમ્યાન આજે કર્મચારીઓએ મનપાની અમુક બ્રાંચોમાં તાળાબંધી કરી હતી.

કર્મચારી પરિષદ આરોપ લગાવ્યો હતો કે મનપાના કામ ઉપરાંત જે વધારાની કામગીરી કરાઈ છે તે માટે કોઈ ભથ્થુ અપાતું નથી બીજી તરફ ભરતી પ્રક્રિયા કે પરિક્ષાની જવાબારી હોય ત્યારે વધારાનું ભથ્થુ અપાય છે અને જે કામ માટે ભથ્થુ અપાઈ છે તેવા કામોમાં મનપાની મહેકમ તેમજ કમિશનર બ્રાન્ચના કર્મચારીઓને જ મુકાઈ છે. વધુમાં યુનિયનના હોદેદારોએ જણાવ્યું કે ભરતીના નિયમો પણ અટપટા બનાવવામાં આવ્યા છે. તાજેતરમાં મંજૂર કરવામાં આવેલા ઘણા ભરતી નિયમોમાં અમુક ચોકકસ કેડરના વર્ગ-૩ અને વર્ગ-૨ના અધિકારીઓ જ અરજી કરી શકે અને નિયત લાયકાત ધરાવતા અન્ય કેડરના અન્ય વર્ગ-૨ અને વર્ગ-૩ કર્મચારીઓ અરજી કરી શકે તેવા સુધારા દાખલ કરાયા છે.

ભરતી તેમજ બઢતીના પ્રશ્નોના નિરાકરણ હેતુ પગાર સુધારણા કમીટીની રચના ૨૦૧૭માં થઈ હોવા છતાં મીટીંગ મળતી નથી અને દરેક માસના પ્રથમ શનિવારે બેઠક બોલાવવાનો નિર્ણય લેવાયા હતાં. અમલ થતો નથી. ઓવરટાઈમ કરવાથી જે ભથ્થુ મળે છે તેમાં ચોકકસ શાખાના કર્મચારીઓને લાભ થાય તે રીતે તંત્ર વર્તી રહ્યું છે. જે વિસંગતતા દુર કરવા આજે ન છૂટકે તંત્રએ જગાડવાનો પ્રયાસ કરાયો છે તેમ યુનિયનના હોદેદારોએ જણાવ્યું હતું. બ્રાન્ચને તાળાબંધી દરમિયાન કર્મચારીઓ અને મનપાના વિજિલન્સ સ્ટાફ વચ્ચે તુતુમેમે થઈ હતી.

### એકને ગોળ બીજાને ખોળની નીતિ...!

મનપાના નવા રિક્રૂટમેન્ટ રૂલ્સને લઈને કર્મચારીઓમાં સૌથી વધુ નારાજગી છે. આંતરિક ભરતીમાં માનિતાઓ જ ફોર્મ ભરી શકે તેવી ગોઠવણનો આક્ષેપ કરાયો છે. જેમ કે નાયબ કમિશનરની જગ્યા માટે ફક્ત આસિ. કમિશનર અને મેનેજર જ અરજી કરી શકશે તેમની સમકક્ષના વર્ગ-૧ના મનપાના અન્ય કોઇ અધિકારી ફોર્મ પણ ભરી ન શકે. આ જ રીતે આસિ. કમિશનરની ભરતીમાં ફક્ત મેનેજર, વોર્ડ ઓફિસર અને ઓફિસ સુપરિ. જ અરજી કરી શકે આ સમકક્ષના ઈજનેરો, લો ઓફિસર, સેનિટેશન ઓફિસર પણ અરજી કરી શકે નહીં. આવા ગોઠવણના નિયમો દૂર કરવા માંગ કરાઈ છે.

# મોરબીમાં મારા મારીના ગુન્હાના કેસમાં ૧૬ વર્ષથી વોન્ટેડ આરોપીને રાજકોટથી દબોચી લેવાયો

## મારામારીના ગુન્હામાં છેલ્લા ૧૬ વર્ષથી નાસતા ફરતા આરોપીને રાજકોટ ખાતેથી પકડી હસ્તગત કરતી મોરબી ક્રાઈમ બ્રાન્ચ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી જીલ્લા પોલીસના ઉચ્ચ અધિકારીઓની સૂચનામેં આધારે મોરબી એલ.સી.બી. તથા પેરોલ ફર્લો સ્કવોડ મોરબી જીલ્લામાં નાસતા ફરતા આરોપીઓને શોધી કાઢવા પ્રયત્નશીલ હતા તે દરમ્યાન પેરોલ ફર્લો સ્કવોડના ઇંઈ જયેશભાઇ વાઘેલા તથા ડઈ બ્રિજેશભાઇ કાસુન્દ્રાને ખાનગી રાહે હકિકત મળેલ કે, મોરબી સીટી એ



ડીવી પો.સ્ટે.માં નોંધાયેલા મારા મારીના ગુન્હાના કેસમાં ૧૬ વર્ષથી નાસતો ફરતો આરોપી રવીભાઇ દેવીપૂજક રહે.મોરબી શનાળા રોડ,કેનાલ પાસે હાલ રાજકોટ ખાતે શાકભાજીની રેકડીની ફેરીનો ધંધો કરે છે તેવી ચોકકસ બાતમી મળતા તુરંત જ હકીકત મુજબની જગ્યાએ જઇ તપાસ કરતા આરોપી રવીભાઇ પરસોતમભાઇ વિકાણી /દેવીપૂજક ઉવ.૩૯ મૂળરહે. મોટા રામપર તા.ટંકારા જી. મોરબી હાલે રહે. રૈયા ગામ શંકર ભગવાનના મંદિર પાછળ તા.જી.રાજકોટવાળાને રૈયા ગામના બસ સ્ટેશન પાસેથી પકડી પાડી હસ્તગત કરી સી.આર.પી.સી.કલમ ૪૧(૧) આઇ. મુજબ ઉપરોકત ગુનાના કામે અટક કરી આગળની કાર્યવાહી અર્થે મોરબી સિટી એ ડિવી. પો.સ્ટે.ને સોપી આપેલ છે.

# ગરમ કપડાના મંડપમાં ચોરી કરનાર બે શખ્સ મુદ્દામાલ સાથે ઝડપાયા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના ખોડિયારકોલોની રોડ પર ગરમ કપડાનો વ્યવસાય કરતા બે આસામીના મંડપમાંથી તસ્કરો રજાઈ, સ્વેટર ચોરી ગયા હતા. બાજુમાં આવેલી શેરડીની રેંકડીમાંથી પણ રૂા.પ હજારની મત્તા ચોરાઈ હતી. તેની તપાસ પોલીસે શરૂ કર્યા પછી ધરારનગરમાં રહેતા બે શખ્સને સ્વેટર, બ્લેનકેટ, રેંકડી, બાઈક સાથે પકડી પાડવામાં આવ્યા છે.જામનગરની ખોડિયાર કોલોનીમાં આવેલા પેટ્રોલપંપ પાસે મંડપ બાંધી ગરમ કપડાનું વેચાણ કરતા મૂળ મધ્યપ્રદેશના દુર્ગાભાઈ બંજારા તથા ઈન્દરસિંગ નામના બે આસામીના મંડપમાંથી સ્વેટર, રજાઈ



સહિતનો ગરમ કપડાનો સામાન ચોરાઈ ગયાની પોલીસમાં ફરિયાદ કરાઈ હતી.તે ગુન્હાની પીઆઈ એ.આર. ચૌધરીના વડપણ હેઠળ તપાસ શરૂ કરાયા પછી પીએસઆઈ વી.એ. પરમાર તથા સ્ટાફ દ્વારા વોચ રાખવામાં આવી હતી. જેમાં ખીમશીભાઈ, જાવેદ વજગોરને બાતમી મળી હતી કે, ધરારનગર-૧થી સાતનાલા તરફ આવતા બે શખ્સના કબજામાં ચોરાઉ સામાન છે. તે બાતમીના આધારે ધરારનગર-૧માં રહેતા ભુરા ઉર્ફે ઈસ્માઈલ ઈબ્રાહીમ પારારી અને અબુડા ઉર્ફે અબ્દુલ કાસમ જોખીયા નામના બે શખ્સને રોકી લેવાયા હતા. આ શખ્સોની તલાશી લેવાતા તેમના કબજામાંથી ૪ બ્લેનકેટ, ૪૩ સ્વેટર, ૧ રેંકડી મળી આવી હતી. આ શખ્સોએ જીજે-૧૦-એન ૮૩૮૩ નંબરના બાઈકમાં જઈ ઉપરોક્ત ચોરીને અંજામ આપ્યાનું કબૂલ્યું છે. પોલીસે સ્વેટર, બ્લેનકેટ, રેંકડી અને બાઈક કબજે કરી બંને શખ્સની ધરપકડ કરી છે.

# જામનગર કસ્ટમ કમિશનરેટમાં આઠ સુપ્રિ. અને ૧૮ ઈન્સ.ની બદલી

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર કસ્ટમ કમિશનરેટમાં ફરજ બજાવતા આઠ સુપ્રિન્ટેન્ડેન્ટ અને ૧૮ ઈન્સ્પેકટરોની બદલીના આદેશો એડી. કમિશનર દ્વારા કરવામાં આવ્યા છે. જે આઠ સુપ્રિન્ટેડેન્ટની બદલી થવા પામી છે. તેમાં વાય કે દોશીને મોરબીથી જામનગર, આર. મોદીને જામનગરથી મોરબી, આંસુલ ચૌધરીને પીપાવાવમાં જ મુકવામાં આવ્યા છે. જે.વી.જોષીને મહુવાથી પીપાવાવ, મહેન્દ્ર મીનાને તળાજામાં જ સામે વધારાનો મહુવાનો ચાર્જ સોંપાયો છે. વેરાવળના આર.ડી. ગોસાઈ, જામનગરના આ.પી.સિંગ, મોરબીના જીતેન્દ્રસિંગને એ જ સ્થળે ચાર્જ ફેરફાર સાથે મૂકવામાં આવ્યા છે.જ્યારે ૧૮ ઈન્સ્પેકટરોને પણ બદલાવવામાં આવ્યા છે. જેમાં વાડીનારથી પવન કુમારને જામનગર, દિનેશ કુમાર યાદવને મોરબીથી જામનગર, અજય સુહાગને મોરબીથી જામનગર, વિકાસ દહીયાને સિક્કાથી જામનગર, મુકેશ કુમાર બૈરવાને વાડીનારથી જામનગર, છત્રપાલસિંહને ત્યાં પીપાવાવમાં જ, પ્રદિપ કુમારને પીપાવાવથી જામનગર, અભિષેક ગડીયાને જામનગરથી સિક્કા, વિનયને




જામનગરથી મોરબી, જશરાજ ખત્રીને જામનગરથી વાડીનાર, આશિષ કુમારને સલાયાથી પીપાવાવ, વિશ્વજીતસિંહ ચૌધરીને જામનગરથી મોરબી, કુલવંત કુમારને જામનગરથી વાડીનાર, એમ.એ. પંતને જામનગરથી પીપાવાવ, પ્રિયંકા ગોયલને પીપાવાવમાં જ મુકવામાં આવ્યા છે. નવીન ને લીગલ સેલમાંથી વીજીલીયન્સમાં ગૌતમ ગનપાર્થીને સલાયામાં જ રાખવામાં આવ્યા તથા પ્રભાકરને જામનગરથી પીપાવાવમાં મુકવામાં આવ્યા છે.

# જામનગરમાં સોનલનગરમાં રહેતા યુવાન સાથે રૂ.૨.૨૨ લાખની છેતરપિંડી

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં ખોડીયાર કોલોની નજીક સોનલ નગરમાં રહેતા અને પિત્તળના માલ સમાન ભરવાનું કામ કરતા એક યુવાને પોતાની સાથે રૂપિયા ૨,૨૨,૭૨૫ ની છેતરપિંડી કરવા અંગે પોતાના પાડોશી સામે ફરિયાદ નોંધાવી છે. સંબંધ દાવે પિત્તળનો માલ ભરવા માટે લઈ ગયા પછી પરત નહીં આપી રફુચક્કર થઈ જતાં પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.આ ફરિયાદ અંગેના બનાવની વિગત એવી છે કે જામનગરમાં ખોડીયાર કોલોની નજીક સોનલ નગરમાં રહેતા અને પિત્તળના માલ સામાન ભરવાનું કામ કરતા નગાભાઈ વાલાભાઈ કારીયા નામના ૩૫ વર્ષના ગઢવી યુવાને પોતાની સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી કરવા અંગે ગાયત્રી નગરમાં રહેતા કુલદીપસિંહ વીજયસિંહ ચુડાસમા સામે ફરિયાદ નોંધાવી છે.પોલીસ ફરિયાદમાં જાહેર કરાયા અનુસાર ફરીયાદી નગાભાઈ પાસેથી આરોપી કુલદીપસિંહ માલ ભરવા માટે ૨,૨૨,૭૨૫ ની કિંમતનો પિત્તળનો માલ સામાન લઈ ગયો હતો, જે માલ સામાન પરત કરવાના બદલે પોતાનો મોબાઈલ સ્વીચ ઓફ કરી રફુચક્કર થઈ ગયો હતો.આખરે પોતાની સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી થઈ હોવાનું જણાવી સીટી સી. ડિવિઝન મથકમાં પોલીસ ફરિયાદ નોંધાવતાં પોલીસે આરોપી કુલદીપસિંહ ચુડાસમા સામે ગુનો નોંધ્યો છે, અને તેની શોધખોળ હાથ ધરી છે.

# જામનગર શહેર-જીલ્લામાં વિદેશી દારુના જથ્થા સાથે ૩ પકડાયા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જોડીયા તાલુકાના તારાણા ગામથી માધાપર ગામ જતા રોડ પર ઇકો ગાડીમાં નીકળેલા એમ.પી.ના મજુરને આંતરીને તલાશી લેતા તેની પાસેથી વિદેશી દારુની ૭૪ બોટલ મળી આવતા કુલ બે લાખના મુદામાલ સાથે દબોચી લીધો હતો, જયારે જામનગરના હરીયા સ્કુલ આગળના રોડ પરથી ગોકુલનગરના શખ્સને અલ્ટો કારમાં દારુની ૫૧ બોટલ સાથે પકડી લીધો હતો, આ ઉપરાંત સરમત પાટીયા પાસે એક શખ્સ દારુની ૪ બોટલો સાથે પોલીસની ઝપટમાં આવ્યો હતો.

મુળ એમ.પી.ના અલીરાજપુર ભાભરા તાલુકાના ઉચવાસ ફળીયાના વતની રાઘુ રતુ દેવરકીયા (ઉ.વ.૨૮) નામના શખ્સને જોડીયાના તારાણાથી માધાપર ગામ જતા રોડ પર ઇકો ગાડી નં. જીજેપજેડી-૩૨૪૬ લઇને નીકળતા જોડીયા પોલીસે આંતરી તલાશી લેતા તેની પાસેથી ઇંગ્લીશ દારુની ૭૪ બોટલ મળી આવતા ગાડી, શરાબ અને



મોબાઇલ મળી કુલ ૨.૦૫.૩૪૦ના મુદામાલ સાથે પકડી લીધો હતો અને દારુ અંગે પુછપરછ કરી હતી.બીજા દરોડામાં જામનગર સીટી-સી ડીવીઝન સ્ટાફ પેટ્રોલીંગમાં હતો ત્યારે હરીયા સ્કુલ આગળના રોડ પરથી ગોકુલનગર પાસે મારુતીનગર-૨માં રહેતા પરબત રાજા કછેટીયા (ઉ.વ.૩૭)ને અલ્ટો કાર નં. જીજે૧૫પીપી-૧૦૫૨માં ગેરકાયદે અલગ અલગ બ્રાન્ડની ઇંગ્લીશ દારુની ૫૧ બોટલ સાથે પકડી લીધો હતો. દારુ, કાર મળી સવા લાખનો મુદામાલ જપ્ત કરવામાં આવ્યો હતો.

# મોરબીના બગથળા ગામે ફેક્ટરીમાં લાગેલી આગની દુર્ઘટનામાં બે વ્યક્તિના મોત, એક ગંભીર ઈજાગ્રસ્ત

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના બગથળા ગામ નજીક એક ફેક્ટરીમાં બોઇલર ફાટતા આગ લાગી હતી. આ આગની દુર્ઘટનામાં બે લોકોના કરુણ મોત નિપજ્યા હતા જ્યારે એકને ગંભીર ઇજા થતા હોસ્પિટલે સારવારમાં ખસેડાયા હસતા. જયારે બીજીબાજુ મોરબી ફાયર એન્ડ ઇમરજન્સી વિભાગ દ્વારા ભારે જહેમત બાદ આગ ઉપર કાબુ મેળવ્યો હતો.

મળતી માહિતી અનુસાર મોરબી તાલુકાના બગથળા ગામે ઇવા સિન્થેટિક નામની ફેકટરીમાં બોઇલર ફાટવાના કારણે આગ લાગી હતી. આ આગ લાગવાની ઘટનામાં ફેક્ટરીમાં બોઇલરનું સમારકામ કરતા વિપુલભાઇ ઠાકરશીભાઇ ધોરી ઉવ-૪૦ રહે- આલાપ રોડ પટેલ નગર તા.જી.મોરબી તથા હિતેશભાઇ મનસુખભાઇ ડેડકીયા ઉવ.૩૭ રહે.કોલકી તા.ઉપલેટા જી.રાજકોટ બંનેના કરૂણ મોત નિપજ્યા હતા જયારે નીતીનભાઇ અમૃતભાઇ ધામેચા રહે.રવાપર રોડ મોરબી-૧ વાળા શરીરે દાજી જવાથી ગંભીર રીતે ઇજા પામતા સારવારમાં ખસેડયા હતા.સમગ્ર આગની દુર્ઘટનામાં મરણ ગયેલ બંનેના અ.મોતની નોંધ કરી મોરબી તાલુકા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.



# જામનગરમાં જુના રેલવે સ્ટેશન પાસે પડતર જીપમાં આગ લાગતાં ફાયર તંત્ર દોડતું થયું



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં જુના રેલ્વે સ્ટેશન પાસે આવેલી એક જગ્યામાં લાંબા સમયથી પડતર પડેલી જીપમાં એક આગ લાગી ગઈ હતી. જે અંગે ફાયર બ્રિગેડને જાણ કરાતાં ફાયર શાખાની ટુકડીએ ઘટના સ્થળે દોડી જઈ આગને કાબુમાં લઈ લીધી હતી.

આગના આ બનાવની વિગત એવી છે કે જામનગરમાં જુના રેલવે સ્ટેશન વાળી જગ્યામાં ઝાડી ઝાખરા પાસે એક જીપ વર્ષોથી પડતર અવસ્થામાં હતી, જેમાં એકાએક આગ લાગી હતી, અને જીપની બોડી અને ટાયરનો ભાગ વગેરે સળગવા લાગ્યા હતા.આગના બનાવ અંગે ફાયર બ્રિગેડને જાણ કરાતાં ફાયર શાખાની ટુકડી ઘટના સ્થળે દોડી ગઈ હતી, અને પાણીનો મારો ચલાવી આગને બુજાવી દીધી હતી. આગનું ચોક્કસ કારણ જાણી શકાયું નથી. પડતર પડેલી જીપ બળીને સંપૂર્ણ ખાખ થઈ છે

# મોરબી તાલુકાના રવાપર ગામે વિકસિત ભારત સંકલ્પ યાત્રા રથનું ઉત્સાહભેર આગમન

## ગ્રામજનોએ વિકસિત ભારત માટે સહભાગી થવા સંકલ્પ લીધા

**મુખ્ય સમાચાર, મોરબી**

રાજ્યભરમાં ચાલી રહેલ વિકસિત ભારત સંકલ્પ યાત્રા અન્વયે મોરબી તાલુકાના રવાપર(નદી) ગામે રથનું આગમન થયું હતું. જયાં ગામમાં ઉત્સાહભેર રથને આવકાર આપી સ્વાગત કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે રવાપર(નદી) ગામના ગ્રામજનો અને સૌ ઉપસ્થિતોએ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીનો રેકોર્ડ કરેલો વિકસિત ભારત સંકલ્પ અન્વયે પ્રજાજોગ સંદેશો સાંભળી પ્રદર્શન નિહાળ્યું




હતું. આ પ્રસંગે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારની વિવિધ યોજનાના લાભાર્થીઓએ તેમને મળેલ લાભની મેરી કહાની મેરી જુબાની અંતર્ગત વાત કરી હતી. ઉપરાંત ગ્રામ પંચાયતની ૧૦૦% નળ જોડાણની સિદ્ધિ માટે પ્રશસ્તિ પત્ર એનાયત કરવામાં આવ્યો હતો. સૌ નાગરિકોએ વિકસિત ભારત સંકલ્પ યાત્રામાં સહભાગી થવા તેમજ વિકસિત ભારત-૨૦૪૭ના સ્વપનને સાકાર કરવામાં પોતાની ભાગીદારી નોંધાવવાના સંકલ્પ પણ લીધા હતા.

કાર્યક્રમ સ્થળે પોષણયુકત આહારનું નિદર્શન સ્ટોલ, આરોગ્ય વિભાગ દ્વારા વિનામૂલ્યે આરોગ્યની તપાસ, ઉજ્જવલા યોજના,વગેરે વિભાગની યોજનાઓ અંગેના સ્ટોલ ઉભા કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમ અન્વયે ખેડૂત મિત્રોને અધ્યતન ખેતી પદ્ધતિમાં ઓછા ખર્ચે અને નેનો યુરિયા ખાતરનો સરળતાથી છંટકાવ કરતા ડ્રોન ટેકનોલોજી અંગે પણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે રવાપર(નદી) ગામે આગેવાનો, ગ્રામજનો અને સરકારી વિભાગના અધિકારી/કર્મચારીશ્રીઓ વગેરે ઉપસ્થિત રહ્યા હતા

# હળવદમાંથી વધુ એક ટાટા કંપનીના માર્કવાળા નકલી મીઠાના પેકિંગનું કારખાનું ઝડપાયું

**મુખ્ય સમાચાર, મોરબી**

હળવદમાં હમણાં ચાર દિવસ પહેલા શિવમ સોલ્ટ નામે ફેક્ટરીમાં ટાટા કંપનીના લોગાવાળા ભળતા નામે ટાટા શક્તિ સોલ્ટ પેકિંગનું કૌભાંડ પકડાયું હતું ત્યારે વધુ એક આવું નકલી મીઠાનું પેકીંગનું કૌભાંડ ઝડપાયુ છે જેમાં હળવદ ટાઉનમાં જીઆઇડીસી વિસ્તારમાંથી સાગર કેમ ફૂડ ઇન્ડસ્ટ્રીઝમાં ટાટા કંપનીના લોગો તથા કલર અને ડિઝાઇન સાથે હળતા મળતા નકલી મીઠાનું પેકિંગનું કૌભાંડનો બનાવ સામે આવતા હાલ સાગર કેમ ફૂડના માલિક વિરુદ્ધ કોપીરાઈટ એક્ટ કલમ હેઠળ ગુન્હો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ટાટા કંપનીના અથોરાઈઝ ફિલ્ડ એકઝીકયુટીવ રોહીતકુમાર ઉર્વેશકુમાર કર્ણાવત ઉવ.૨૨ ને ટાટા કંપનીના ચા મીઠું તથા મસાલા પ્રોડક્ટનું ડુપ્લિકેશન કરતા વેપારીઓને ઝડપી લેવાની કામગીરી અનુસંધાને બાતમીના આધારે હળવદ ટાઉનમાં જીઆઇડીસી પ્લોટ નં ૬૧થી ૬૩ તથા ૭૪થી ૭૭માં આવેલ સાગર કેમ ફૂડ ઈન્ડસ્ટ્રીઝમાં આરોપી આત્મારામ કીશ્નારામ ચૌધરીની માલિકી ધરાવતા કારખાનામાં પોલીસને સાથે રાખી રેઇડ કરતા સાગર કેમ ફૂડ ઇન્ડસ્ટ્રીઝ કારખાનામાં ટાટા સોલ્ટ કંપનીના પ્લાસ્ટીકના પ્રીન્ટેડ વીથ MAHAVEER TULSI Shakti SALT લખેલ ટાટા કંપનીના લોગો તથા કલર તથા ડીઝાઇન સાથે હળતા મળતા સામ્યતા ધરાવતા રોલ નંગ - ૩૮ કી.રૂ. ૧૧,૪૦૦/- તથા આશરે ૭,૨૦૦/- ખાલી વેસ્ટેજ પાઉચ જેની કી.રૂ. ૦૦,૦૦ તથા કી.રૂ. ૧૧,૪૦૦/- ના મુદામાલ સાથે મળી આવતા સાગર કેમ ફૂડના માલિક આત્મારામ કીશ્નારામ ચૌધરી હાલ રહે. ગીરનારીનગર મકાનનં.૬૪, હળવદ તા.હળવદ મૂળ રહે. ઉ-૬/૧૨૫, વાત્સલ્ય ગાઉન્ડ ફ્લોર, ચિત્રકુટ સ્કીમ, જયપુર રાજસ્થાન વિરુદ્ધ હળવદ પોલીસ મથકમાં કોપી રાઈટ એક્ટ ૧૯૫૭ ની કલમ ૬૩,૬૪ મુજબ ફરિયાદ નોંધાવી હતી.

# પિતાની છત્રછાયા ગુમાવનાર ૧૧ દિકરીઓના સમુહ લગ્નોત્સવનું કરાયું ભવ્ય આયોજન

**મુખ્ય સમાચાર, મોરબી**

વર્ષ ૧૯૯૬થી કાર્યરત ડો. બાબા સાહેબ આંબેડકર ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા છેલ્લા બે દાયકાથી શિક્ષણ ક્ષેત્રે કાર્ય કરી રહી છે ત્યારે પિતાની છત્રછાયા ગુમાવનાર વિદ્યાર્થીઓના શિક્ષણના લાભાર્થે ૧૧ દીકરીઓના પ્રથમ સમૂહ લગ્નોત્સવનું આયોજન કરેલ છે.




ડો. બાબા સાહેબ આંબેડકર ચેરીટેબલ ટ્રસ્ટ ના પ્રમુખ જમનાદાસભાઈ ટપુભાઈ પરમાર તેમજ મંત્રી કેશુભાઈ ચાવડા ની એક યાદીમાં જણાવવામાં આવ્યું છે કે પિતાની છત્ર છાયા ગુમાવનાર વિદ્યાર્થીઓને ફીમાં શિક્ષણ આપી શકાય તે માટે ૧૧ દીકરીઓના પ્રથમ સમૂહ લગ્નોત્સવ નું આયોજન કરેલ છે. આ લગ્નોત્સવ બાદ વધતા દાન ને માત્ર ને માત્ર પિતા વગરના બાળકો ના અભ્યાસમાં ઉપયોગ લેવામાં આવશે. આ સમૂહ લગ્નોત્સવનો લાભ લેવા માંગતા મોરબી જિલ્લાના કોઈ પણ જ્ઞાતિના પરિવારજનો આગામી ૧૮-૧૨-૨૦૨૩ ના રોજ થી નીચેના સ્થળે ફોર્મ મેળવી શકશે, પ્રાગટ્ય ક્લિનિક, આંબેડકર કોલોની, રોહીદાસ પરા મેઈન રોડ, મોરબી, સમય સવારે ૧૦ થી ૧ લગ્નોત્સવ આગામી ૧૮/૦૨/૨૦૨૪ ના રોજ મોરબી ખાતે યોજાશે. વધુ માહિતી માટે ટ્રસ્ટ ના પ્રમુખ જમનાદાસભાઈ ટપુભાઈ પરમાર - ૯૬૨૪૬૮૬૭૧૮ તેમજ મંત્રી કેશુભાઈ ચાવડા - ૬૩૫૨૮૮૩૭૭૨ પર સંપર્ક કરવો.

# શૈક્ષણિક સંસ્થા આલ્ફા નવોદય અને સૈનિક સ્કૂલ ટ્રેનિંગ સેન્ટર જસદણના મેનેજિંગ ડિરેક્ટરને ડોક્ટરની ડિગ્રી એનાયત કરાઈ

**મુખ્ય સમાચાર, નરેશ ચોહલિયા**

**જસદણ:** કેમ્બ્રિજ ડિજિટલ યુનિવર્સિટી દ્વારા શિક્ષણ ક્ષેત્રે ગુજરાતમાં અમૂલ્ય યોગદાન માટે રાજકોટ જિલ્લાના જસદણ તાલુકાના પ્રખ્યાત આલ્ફા નવોદય અને સૈનિક સ્કૂલ ટ્રેનિંગ સેન્ટર - જસદણ ના મેનેજિંગ ડિરેકટર અને શિક્ષણવીદ જયસુખભાઈ સંખાળવાને ડોક્ટરેટની ડીગ્રી એનાયત કરવ. જેઓના માર્ગદર્શન હેઠળ હજારોની સંખ્યામાં વિદ્યાર્થીઓએ સફળ કારકિર્દીના શિખરો સર કર્યા છે ત્યારે એમની સફળયાત્રામાં વધુ એક યશકલગી ઉમેરાવા બદલ કેબીનેટ મંત્રી કુવરજીભાઇ બાવળીયા ઉધોપતિ હિરેનભાઇ સાકરીયા પુર્વ નગરપતિ ધિરૂભાઇ ભાયાણી પુર્વ નગર



સેવક નરેશભાઇ ચોહલીયા ઉધોગકાર પી,વી,ભાયાણી એટધીસ ટાઇમના હર્ષદભાઇ ચૌહાણ સંજયભાઈ રામાણી સહિતના આગેવાનો દ્વારા શિક્ષણ વીદ ડો જયસુખભાઇ સંખાળવા ને ખુબ ખુબ શુભેચ્છા ઓ પાઠવી છે.

# જસદણ ડાયમંડ એસોના પ્રમુખ પી.વી. ભાયાણીની પુત્રી ભૂમિના સગાઈ પ્રસંગે મંત્રી કુંવરજીભાઈ બાવળીયા સહિત આગેવાનોએ હાજરી આપી

**મુખ્ય સમાચાર, નરેશ ચોહલિયા**

**જસદણ:** જસદણ શહેરના આટકોટ રોડ ઉપર આવેલ રૂડાભાઈ પટેલના ફાર્મ હાઉસ ખાતે જસદણ ડાયમંડ ઉધોગપતિ અને ડાયમંડ એસોસિએશનના પ્રમુખ પ્રવીણભાઈ વલ્લભભાઈ ભાયાણી ઉર્ફે પીવીભાઈ ની લાડકી દીકરી ભૂમિના સગાઈ પ્રસંગે જસદણ વિછીયાના ધારાસભ્ય તથા કેબિનેટ મિનિસ્ટર કુંવરજીભાઈ બાવળીયા ડાયમંડ ઉદ્યોગપતિ રૂડાભાઈ પટેલ ડાયમંડ ઉધોગપતિ ભુપતભાઇ ભાયાણી ડાયમંડ એસોના ઉપાધ્યક્ષ સંજયભાઈ રામાણી પૂર્વ નગરપતિ



ધીરુભાઈ ભાયાણી ઉધોગપતિ હિરેનભાઈ સાકરીયા પૂર્વ કોર્પોરેટર અને પૂર્વ યાર્ડના ડિરેક્ટર નરેશભાઈ ચોહલીયા ઉધોગપતિ સુગરભાઇ, દુર્ગેશભાઈ કુબાવત પૂર્વ નગરપતિ દીપુભાઈ ગીડા સહિત રાજકીય સામાજિક ઔદ્યોગિક ક્ષેત્રના આગેવાનો એ હાજરી આપી હતી આ તકે ઉદ્યોગપતિ પીવીભાઈ ભાયાણીએ હાજર રહેવા બદલ તમામ આગેવાનોનો હૃદય પૂર્વક આભાર પ્રગટ કર્યો હતો

# વોર્ડ નં.૧૧ના રહેવાસીઓને થતા અન્યાય બાબતે આમ આદમી પાર્ટીએ ધોકો પછાડયો

## મુરલીધર સોસાયટીમાં આવતી ત્રણ બંધ શેરીઓમાં વર્ષોથી ડામર સુવિધા મળી નથી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેર હદમાં આવતા વોર્ડ નં ૧૧ માં આવેલ મુરલીધર સોસાયટી માં શેરી નં- ૧ અને ૨ તથા શેરી નં-૧ માં આવતી ત્રણ બંધ શેરીઓમાં વર્ષોથી ડામર રોડની સુવિધા મળેલ નથી. આ મુદ્દે આજે આમ આદમી પાર્ટીના વેસ્ટઝોન પ્રભારી રાકેશભાઈ સોરઠીયાએ ધોકો પછાડયો હતો. તેમણે જણાવ્યું હતું કે જયારે એ જ સોસાયટીમાં રહેતા એક ભાજપ પક્ષના કાર્યકર્તાના ઈશારે તેમના ઘર સુધી ડામર રોડની કામગીરી થયેલ છે, તો વોર્ડ ઓફિસ કે ચૂંટાયેલા નગરસેવકોને રહેવાસીઓએ ફરિયાદ કરતા એવો જવાબ મળેલ કે તમારી સોસાયટીમાં ડામર રોડનું ટેન્ડર પાસ થયેલ છે. પરંતુ સ્થાનિક ભાજપ પક્ષના કાર્યકર્તાના ઈશારે તમારું કામ ક્યારેય



(તસ્વીરઃ આનંદ જાવિયા)

કરવામાં નહી આવે એવો ઉધ્ધમી અને ઉશ્કેરણીજનક જવાબ આપેલ સાથોસાથ આ સોસાયટીના રહેવાસીઓને અલગ અલગ રીતે ઘણો અન્યાય આ જ રીતે વારંવાર કરવામાં આવનાર છે, ત્યાંની સોસાયટીના આગેવાનોએ આમ આદમી પાર્ટીને પોતાની આવિતિ જણાવેલ અમો લોકોની સુખાકારી માટે લડત આપતા આપબહેનશ્રી સુધી આ વાતને એક શાંતિમય આવેદન સ્વરૂપે યોગ્ય ન્યાયની માંગ સાથે આવેલ છીએ. આપ અમોને જવાબ આપો કે કેટલા સમયમાં ન્યાય મળશે જો આપ પણ કોઈ પણ ના ઈશારે સતાનો દુરૂપયોગ કરશો તો અમારો પક્ષ અને ભોગ બનેલ રહેવાસીઓને ઉગ્ર આંદોલન ધરણા અને ગાંધી ચિંધ્યા માર્ગે મજબુર બની આપના ઘર સમક્ષ કે આપની ઓફિસ સમક્ષ ન્યાય માંગવાની ફરજ પડશે એ વાતને ધ્યાનમાં લેશો.

# દુકાનદારે પુત્રીના લગ્ન માટે રાખેલા રોકડા રૂપિયા અને દાગીના ચોરી કરનાર ત્રિપુટી ઝડપાઈ

## તાલુકા પોલીસે ગણતરીની કલાકોમાં ચોરીના બનાવનો ભેદ ઉકેલ નાખી બાઈક અને રોકડા રૂપિયા બે લાખ કબજે કર્યા

**મુખ્ય સમાચાર રાજકોટ**

નાના મહુવા રોડ પર આવેલા બેકબોન હાઇટ્સ ની બાજુમાં ગાયત્રાડ પાન નામની દુકાન માં દુકાનદારે પુત્રીના લગ્ન માટે રાખેલા રોકડા રૂપિયા અને દાગીના ની કોઈ અજાણ્યા એ ચોરી કરી જતા તાલુકા પોલીસમાં ફરિયાદ નોંધાયા બાદ પોલીસે ગણતરીની કલાકોમાં જ ત્રિપુટીને ઝડપી લઇ ૨:૧૫ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે.

આ અંગેની માહિતી મુજબ નાના મુવા રોડ પર બેકબોન હાઇટ્સ પાસે



પાનની દુકાન ચલાવતા વેપારીએ તાલુકા પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી કે કોઈ અજાણ્યા શખ્સોએ તેની દુકાનના શટરના તાળા તોડી અંદર પ્રવેશ કરી થળામાં પુત્રીના લગ્નના ખર્ચ માટે રાખેલા રોકડા રૂપિયા ૩,૩૬,૦૦૦ ચાંદીના સિક્કા અને પરચુરણ મળી કુલ ₹૩,૪૪,૦૦૦ ની મતદાનની ચોરી કરી ગયા ની ફરિયાદ નોંધાવી હતી જેના પગલે તાલુકા પોલીસ મથકના પીઆઇ વી આર પટેલ સહિતના સાથે તપાસ હાથ ધરી ચોરીના બનાવની ગણતરીની કલાકોમાં જ મેટોડા જીઆઇડીસી માં રહેતો સંજય ઉર્ફે સની કમલાકાર ગાયકવાડ તથા જેતપુરના લુણાગર ગામનો વિવેક વિનોદ પરી ગોસ્વામી તથા મેટોડા જીઆઇડીસી માં રહેતો અનિલ કેલા બથવાર સહિત ત્રણ શખ્સોને દબોચી લઈ એક બાઈક અને રોકડા રૂપિયા બે લાખ સહિતનો મુદ્દામાલ કબજે કરી ધોરણ સર ની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે

# શહેરમાં અલગ અલગ સ્થળોએ પડેલા બિનવારસી વાહનો ડીટેઈન કરાયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેરમાં ટ્રાફિક પોલીસ દ્વારા બિનવારસી વાહનો સામે લાખ આંખ કસ્પેશિયલ ડ્રાઈવ યોજી હતી. જેમાં કુલ ૪૪ બિનવારસી વાહનોને ડિટેઈન અને ટો કરવામાં આવ્યા હતા. પોલીસ કમિશનર રાજુ ભાર્ગવની સૂચના હેઠળ ડીસીપી પૂજા યાદવ અને એસીપી જે. બી. ગઢવીની રાહબરી હેઠળ સેક્ટર ૧ દ્વારા ૧૮૨ કેસો કરી પીએસઆઈ આર.એસ.પરમાર ૯૩૧૦૦ દંડ કરી ૧૯ વાહન ડિટેઈન કરવામાં આવ્યા હતા અને પી.આઈ જીજ્ઞેશ દેસાઈ દ્વારા ૨૦ વાહનો ડિટેઈન કરાયા હતા. જ્યારે પી.આઈ એન.જી.વાઘેલા દ્વારા ૨ ટુ વ્હીલર્સ અને બર ફોર વ્હીલર્સ વાહનો ડિટેઈન કરાયા હતા તથા પી.આઈ વી.આર. રાઠોડ દ્વારા ૧૫૨ કેસો કરી ૬૪૩૦૦ દંડ વસૂલ કરી ૧ વાહન ડિટેઈન કરવામાં આવ્યું. આમ ટ્રાફિક પોલીસ દ્વારા કુલ ૪૪ બિનવારસી વાહનોને ડિટેઈન અને ટો કરવામાં આવ્યા હતા.

# કૈલાસ ઈન્ડસ્ટ્રીઝ એરિયાના બંધ કારખાનામાંથી રૂા.૨૩.૫૫ લાખના સળીયાની ચોરી

## તસ્કરો આઈસર લઈ ચોરી કરતા હોવાની ઘટના સીસીટીવી કેમેરામાં કેદઃ પોલીસે ચાલકને સંકંજામાં લીધો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં રેઢુ પડ સમજી ઉતરી પડેલા તસ્કરો બેકાબુ બન્યા હોય તેમ કોઠારીયા રોડ નજીક સ્વાતી સોસાયટી રોડ પર કૈલાષ ઈન્ડસ્ટ્રીઝ એરીયામાં કારખાનાના તાડા તોડી રૂ.૨૩.૫૫ લાખની કિંમતના એલ્યુમીનીયમના સળીયાની ચોરી થયાની કારખાને દારે ફરીયાદ કરતા આજીડેમ પોલીસે સીસીટીવીમાં કેદ તસ્કરને આઈસર સાથે ઝડપી લઈ તેની પુછતાછ કરી વિશેષ કાર્યવાહી કરી હતી.

આ અંગેની માહિતી મુજબ મવડી મેઈન રોડ પર રહેતા અને સ્વાતી સોસાયટી રોડ પર ઈન્ડસ્ટ્રીઝ એરીયામાં એમ.કે.મેટલ નામનુ કારખાનુ ચલાવતા અજયભાઈ રસીકભાઈ ચોવટીયાએ ફરીયાદ કરી હતી જેમા તેને જણાવ્યુ હતુ કે કારખાનામાં તે તેમજ કશ્યમભાઈ ચોવટીયા અને નિકુંજભાઈ ચોવટીયા ભાગીદારીમાં ધંધો કરતા હોય સોમવારે તેના ભાગીદાર સહીતના રાત્રે કારખાનુ બંધ કરી ઘેર ગયા હતા અને સવારે પરત આવતા કારખાનાના તાડા તુટેલા હોય તપાસ કરતા કારખાનામાં ખોડામાં રાખેલા રૂ.૨૩.૫૫ લાખની કિંમતના જુના અને નવા એલ્યુમીનીયમ ના ૯ ટન સળીયા જોવામા આવેલ નહી અને ચોરી થયાનુ જણાવતા પીઆઈ કરપડા સહીતના સ્ટાફે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. પોલીસને તપાસમાં તસ્કર કેદ થઈ ગયાનુ અને આઈસર સાથે આવ્યાનુ બહાર આવતા પીએસઆઈ પરમાર સહીતના સ્ટાફે મહીતીને આધારે શંકાસ્પદ આઈસર ચાલકને ઉઠાવી લઈ પુછતાછ કરતા તે ગોંડલ રહેતો પ્રિન્સ ડોબરીયા હોવાનુ અને કારખાનેદારનો મિત્ર હોય અગાઉ કારખાને આવી રેકી કરી ચોરી કરી ગયાનુ બહાર આવતા પોલીસે તેની ધરપકડ કરવાની તેમજ મૃદામાલ કબજે કરવાની કાર્યવાહી કરી હતી.

# રાજકોટ જિલ્લા કક્ષાના "કલા મહાકુંભ"નો શુભારંભ કરાવતા મેયર અને જિલ્લા પંચાયત પ્રમુખ

## "કલ કે કલાકાર"ના વિજેતાઓને ઈનામ વિતરણ કરાયુઃ ૨૩ સ્પર્ધાઓમાં ૧૫૮૬ કલાકારોએ ભાગ લીધો











**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજયના કલાકારોમાં રહેલી કલા પ્રદર્શિત કરવા માટે યોગ્ય પ્લેટફોર્મ પુરુ પાડવાનો નિર્ધાર રાજ્ય સરકારે કર્યો છે. જે અંતર્ગત પ્રતિવર્ષ કલા મહાકુંભનું આયોજન કરવામાં આવે છે. રમત ગમત યુવા અને સંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર તથા જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ કચેરી, રાજકોટ દ્વારા હેમુગઢવી નાટ્યગૃહ ખાતે આયોજિત જિલ્લાકક્ષાના કલા મહાકુંભનો શુભારંભ મેયર શ્રી નયનાબેન પેઢડીયા અને જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી પ્રવિણાબેન રંગાણીએ દિપ પ્રાગટ્ય વડે કર્યો હતો.

મેયરશ્રી નયનાબેન પેઢડીયાએ જણાવ્યું હતું કે, દરેક વ્યકિતમાં કંઈક કલા છુપાયેલી હોય છે, રાજ્ય સરકાર દ્વારા કલા મહાકુંભનું આયોજન કરીને કલાકારોને ગ્રામ્ય કક્ષાથી લઈને રાજ્ય કક્ષા સુધીનું પ્લેટફોર્મ પુરૂ પાડે છે. આવા આયોજનો વિદ્યાર્થીઓ- કલાકારોને આગળ વધવા માટે એક નવો રાહ ચીંધે છે. અભ્યાસ સિવાયની તેમનામાં રહેલી કલાને નિખારવાનો એક મોકો આપવામાં આવે છે.

આ તકે જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી પ્રવિણાબેન રંગાણીએ કહ્યું હતું કે, કલા-સંસ્કૃતિ-સાહિત્યના સાંસ્કૃતિક જતન કરવાના હેતુથી શરૂ કરાયેલા આ કલામહાકુંભના આયોજન દ્વારા રાજ્ય સરકાર કલાકારોને પ્રોત્સાહન આપે છે. ૧૬ સંસ્કાર અને ૬૪ કલાઓ એ ભારતીય સંસ્કૃતિનો અમુલ્ય વારસો છે. રાજકોટ જિલ્લામાં આયોજિત ૨૩ સ્પર્ધાઓમાં ૧૫૮૬ કલાકારોએ ભાગ લીધો છે, એ ખુબ ગર્વની વાત છે.

મેયરશ્રી તથા જિલ્લા પંચાયતના પ્રમુખશ્રીએ જિલ્લા યુવા વિકાસ અભિકારીશ્રી હિતેષ દિહોરા તથા તેમની સમગ્ર ટીમ દ્વારા સ્પર્ધકો અને સાજીંદાઓ માટે કરેલા આયોજનની સરાહના કરી હતી. ''કલ કે કલાકાર'' સ્પર્ધાની અલગ અલગ શ્રેણીઓમાં ૭ વિજેતાઓને ઇનામ વિતરણ અને પ્રોત્સાહક ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું.

ચિત્રકલા, સર્જનાત્મક કારીગરી, લોકનૃત્ય, ગરબા અને રાસની સ્પર્ધા, સુગમ સંગીત, શાસ્ત્રીય કંઠ્ય સંગીતની સ્પર્ધા, લોકગીત-ભજન, લગ્નગીત, ઓર્ગન (વાજિંત્ર વાદન), એકપાત્રીય અભિનય, ભરતનાટ્યમ, હાર્મોનિયમ, તબલા,

દુહા-છંદ-ચોપાઈ, લોકવાર્તા, વકતૃત્વ, નિબંધ, કાવ્ય લેખન, ગઝલ-શાયરી લેખન અને સ્કુલબેન્ડ જેટલા વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ તકે વિવિધ સ્પર્ધાઓના નિર્ણાયકો, સ્પર્ધકો, સાજીંદાઓ વિશાળ સંખ્યામાં ઉપસ્તથિત રહ્યા હતા.

# ગોંડલના બાંદરા ગામે નબળુ કામ થયાની ફરિયાદ કરનાર યુવાન પર હુમલો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગોંડલ તાલુકાના બાંદરા ગામમાં પાણીની લાઈન નબળી નાખ્યાની ફરિયાદ કરનાર યુવાન પર ગામના જ ચાર શખ્સોએ હુમલો કર્યો હતો. હુમલાખોરો યુવાન પર લાકડી અને ઢીકા - પાટુથી તુટી પડ્યા હતા. પાણીની લાઈન નબળી હોવાની ટીડીઓને રજૂઆત કરી હોય બનાવ બનતા સમગ્ર મામલો પોલીસ સ્ટેશને પહોંચ્યો હતો. તાલુકા ના બાંદરા ગામમાં રહેતો અને વ્યવસાયે ડ્રાઇવીંગ કરતા રાહુલભાઈ પરસોત્તમ ઘોણીયાના ભાભી સુમિતાબેન ગ્રામ પંચાયતની ચુંટણીમાં સભ્ય તરીકે ચુંટાયા હોય ગામમાં પાણીની પાઈપ નાખવામાં આવી હતી જે હલકી ગુણવત્તાની હોવાથી સુમિતાબેન સહિત ગામના નાગરીકોએ વિરોધ કરી ટીડીઓને રજૂઆત કરી હતી. આ રજૂઆત અંગે પૂર્વાગ્રહ રાખીને રાહુલભાઈ પર તાલુકા પંચાયત ના સદસ્યા ના પતિ સહિત ચાર શખ્સો દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો.જેમા બાંદરા ગામમાં રહેતા અને દેવચડી બેઠક ના મહીલા સભ્ય ના પતિ દીલિપભાઇ ઉર્ફે દિનેશ ઘુસા ઘોણીયા, નટુભાઇ ઘોણીયા, ભાવિકભાઈ ઘોણીયા, વિનુભાઈ ઘોણીયાએ ગત રવિવારે રાતે ગામમાં પાનના ગલ્લે બેસેલા રાહુલ પર હુમલો કર્યો હતો. રાહુલભાઈ ને બચાવવા વચ્ચે પડેલી પત્નિને પણ ફટકારી હતી.

# ટ્રાફિક પોલીસ દ્વારા ગરીબોને ધાબળા વિતરણ કરાયા





**મુખ્ય સમાચાર, રાજકોટ**

ટ્રાફિક એસીપી જે.બી.ગઢવી દ્વારા ગરીબ તેમજ જરૂરિયાતમંદ લોકોની મદદ માટે હંમેશા તત્પરતા દાખવવામાં આવી રહી છે. શહેરમાં કડકડતી ઠંડી પડી રહી છે પરંતુ અનેક ગરીબ અને જરૂરિયાતમંદ તેમાં પણ ખાસ કરીને ઝુપડપટ્ટીમાં રહીને પોતાનું જીવન પસાર કરનારા અનેક લોકો પાસે ઓઢવા માટે ધાબળાની પણ વ્યવસ્થા ન હોવાથી તેમણે રીતસરનું ઠુંઠવાવું પડી રહ્યું છે. તેમની આ દારૂણતાને દૂર કરીને ધાબળારૂપી 'ગરમાવો' આપવા માટે એસીપી જે.બી.ગઢવી દ્વારા દરરોજ કોઈને કોઈ વિસ્તારમાં સેવાકીય પ્રવૃત્તિ કરતાં લોકોનો સહયોગ મેળવી ધાબળા વિતરણ કરાઈ રહ્યું છે ત્યારે મંગળવારે તેમણે માલિયાસણ પાસે આવેલી ઝુપડપટ્ટીમાં રહેતા લોકોને ધાબળા વિતરણ કર્યું હતું જે પ્રવૃત્તિ જોઈને લોકોએ પોલીસની કામગીરીને હૃદયપૂર્વક બિરદાવાઈ હતી.

# રાજકોટ જિલ્લાના વિંછીયા તાલુકાના સોમપીપળીયા ગામ ખાતે ૨૪ કુટુંબોને રહેણાંકના નિઃશુલ્ક પ્લોટ સોંપાયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજયમાં આવાસ વિહોણા કુટુંબોને આવાસ સહાય યોજના તેમજ પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત આવાસ વિહોણા કુટુંબો પોતાનું ઘર બનાવી શકે તેવા ઉમદા હેતુથી ૧૦૦ ચો.વારના ઘરથાળના પ્લોટ નિઃશુલ્ક આપવામાં આવે છે. જે અંતર્ગત આજરોજ રાજકોટ જિલ્લાના વિંછીયા તાલુકાના સોમપીપળીયા ગામ ખાતે વિચરતી વિમુકત જાતિના લાભાર્થીઓને કલેકટરશ્રી રાજકોટ તરફથી રહેણાંકના હેતુ માટે ૧૦૦ ચો.વારના પ્લોટ



ફાળવવામાં આવેલ હતા.

જે અંતર્ગત રાજકોટ કચેરીના સર્વેયરશ્રી સાથે માપણી કરીને સર્કલ ઓફીસરશ્રી (રેવ) વિંછીયા દ્વારા આજરોજ ૨૪ લાભાર્થીઓને પ્લોટના કબજા સુપ્રત કરવામાં આવ્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે,ઘરનું ઘર એ દરેક વ્યક્તિનું સ્વપન હોય છે ત્યારે સરકાર લોકોના આ સ્વપનને પૂર્ણ કરવા આ યોજના અંતર્ગત ૧૦૦ વારના પ્લોટ નિઃશુલ્ક આપે છે. ગરીબ નાગરિકો આવાસ વિહોણા કુટુંબો પણ પોતાનું મકાન બનાવી શકે તે હેતુથી રાજ્ય સરકારે રાજ્યના ગ્રામ્ય વિસ્તારોમાં વસતા ઘરવિહોણા કુટુંબોને ૧૦૦ ચો.વાર ઘરથાળનો નિઃશુલ્ક પ્લોટ આપવાની યોજનાનો લાભ આપવામાં આવશે.

# "નેશનલ રુરલ લાઈવલીહુડ મિશન" અંતર્ગત "લખપતિ દીદી ઈનિશીએટીવ" અંગેની સૌરાષ્ટ્ર કચ્છના માસ્ટર ટ્રેનરોની બે દિવસીય તાલીમ યોજાઇ







**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટી ખાતે નેશનલ રૂરલ લાઇવલીહુડ મિશન(ગ્રઙ્ગખ) અંતર્ગત ''લખપતિ દીદી ઇનિશીએટીવ'' અંગેની માસ્ટર ટ્રેનરોની બે દિવસીય તાલીમ યોજાઇ હતી, જેમાં સૌરાષ્ટ્ર કચ્છના ૧૨ જિલ્લાઓના તાલુકા લાઇવલીહુડ મેનેજરો, જિલ્લા અને બ્લોક સ્તરના આસીસ્ટન્ટ પ્રોજેક્ટ મેનેજરોને રાષ્ટ્રીય સ્તરના નિષ્ણાંતો-નેશનલ રીસોર્સ પર્સન દ્વારા તાલીમ આપવામાં આવી હતી. કેન્દ્ર સરકારના ગ્રામીણ વિકાસ મંત્રાલય દ્વારા કાર્યાન્વિત નેશનલ રૂરલ લાઇવલીહુડ મિશનઅંતર્ગત PRADAN સંસ્થાના એક્સપર્ટશ્રી સુમિતકુમાર અને બિજય સ્વૈન દ્વારા વિવિધ વક્તવ્ય, પ્રેઝન્ટેશન,વર્કશોપ તેમજ એક્ટીવીટી દ્વારા લખપતી દીદી ઇનિશીએટીવને લગતી લાભાર્થીની પસંદગી, આયોજન અને કરાયેલ પ્રવૃત્તિની પોર્ટલમાં એન્ટ્રીની લગભગ ૮ સેશન દ્વારા વિગતવાર તાલીમ આપવામાં આવી હતી. આ તાલીમનું આયોજન ડિસ્ટ્રિક્ટ લાઈવલીહુડ મેનેજર શ્રી વી. બી. બસીયાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. જિલ્લા વિકાસ અધિકારીશ્રી દેવ ચૌધરીએ પણ તાલીમાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતું. આ તાલીમ કાર્યક્રમ અન્વયે ૬૦ જેટલા તાલીમાર્થીઓ તાલીમ લઇને માસ્ટર ટ્રેનર બનશે, જે જિલ્લા અને બ્લોક લેવલે કર્મચારીઓને તાલીમ આપીને તૈયાર કરશે.

એન.આર.એલ.એમ. દ્વારા સ્વસહાય જુથની મહિલાઓના સશક્તિકરણના પ્રયાસરૂપે મહિલાઓના સામૂહિકીકરણ, તેમના સંઘોને મજબૂત કરવા, તેમને આજીવિકા માટે જ્ઞાન અને કૌશલ્ય સાથે સક્ષમ બનાવી તેમની આવક વધારવા માટે, ધીરાણ અને સહાય દ્વારા નક્કર પ્રયાસો કરવામાં આવી રહ્યાં છે. વાર્ષિક ૧ લાખ કે તેથી વધુની સ્થાયી આવક મેળવતી સ્વ સહાય જુથોની ૨ કરોડ જેટલી મહિલાઓ તૈયાર થાય તે માટે પ્રધાનમંત્રીશ્રી દ્વારા ''લખપતિ દીદી'' પહેલ શરુ કરવામાં આવી છે. જે અંતર્ગત દેશભરમાં કાર્યરત લગભગ ૧૦ કરોડ જેટલી સ્વ સહાય જુથોની મહિલાઓને તાલીમ, માર્ગદર્શન અને પ્લેટફોર્મ પુરૂ પાડીને તેમને વાર્ષિક એક લાખથી વધુ આવક મેળવતા કરીએ ૨ કરોડ ''લખપતિ દીદી'' તૈયાર કરવામાં આવશે, જે સામાજિક સમાવેશિતા, ગ્રામ્ય અર્થવ્યવસ્થાના વિકાસ તેમજ આત્મનિર્ભરતાના ધોતક બનશે.

# પોલીસ કમિશ્નરની અધ્યક્ષતામાં શહેર માર્ગ અને સલામતીની બેઠક યોજાઈ

## વર્ષ ૨૦૩૦ સુધીમાં માર્ગ અકસ્માતોમાં થતા માનવમૃત્યુ પ્રમાણમાં ૫૦% સુધીનો ઘટાડવાનું લક્ષ્ય

**મુખ્ય સમાચાર, રાજકોટ**

પોલીસ કમિશ્નરશ્રી રાજુ ભાર્ગવના અધ્યક્ષસ્થાને તાજેતરમાં શહેર માર્ગ અને સલામતીની બેઠક યોજાઈ હતી. બેઠકમાં ટ્રાફિકને લગતા પ્રશ્નોમાં રાજકોટ શહેર વિસ્તારમા મુખ્ય પોઈન્ટ પરના સર્કલો નાના કરવા માટે રાજકોટ મહાનગર પાલિકાના દ્વારા કરવામાં આવેલા સર્વે મુજબ સર્કલો પર નવી ડિઝાઇન મુજબ કાર્યવાહી સત્વરે શરૂ કરાવવા અધ્યક્ષશ્રી દ્વારા સૂચના આપવામાં આવી હતી.

આ સાથે નેશનલ હાઈ-વે ૨૭ ઉપર અવાર-નવાર ફેટલ માર્ગ અકસ્માત બને છે, જેમા હાલ સિક્સ લેનનુ કામ શરૂ કરવામા આવેલ હોય તથા ફેટલ વિઝિટ દરમ્યાન સૂચવેલ સુધારા મુજબની કાર્યવાહી સમય મર્યાદામા પૂર્ણ કરવા, રાજકોટ - જેતપુર તરફના તથા રાજકોટ - આટકોટ તરફના નવા થતા રોડના ડિવાઈડર ઉપર બંને સાઈડ ફેન્સીંગ (જાળી) લગાવવા ,સર્વિસ રોડની કામગીરી , માધાપર ચોકડી ખાતે જામનગર રોડ તરફ જતા વાહનો માટે સર્વિસ રોડ માટે જમીન સંપાદનની કામગીરી સત્વરે પૂર્ણ કરાવા શ્રી રાજુ ભાર્ગવે સંબંધિત વિભાગના લોકોને સૂચના આપી હતી.

આ સાથે બેઠકમાં અધ્યક્ષશ્રી દ્વારા બ્લેક સ્પોટ પર અકસ્માત ન થાય તે માટે સક્રિયતાથી કામગીરી કરી ટુંકા ગાળાના સુધારા સમય મર્યાદામાં પુરા કરવા તમામ વિભાગને સૂચના આપી, કેન્દ્ર સરકારના માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રાલયની સૂચના મુજબ વર્ષ ૨૦૩૦ સુધીમાં માર્ગ અકસ્માતોમાં થતા માનવમૃત્યુ પ્રમાણમાં ૫૦% સુધીનો ઘટાડવાનું લક્ષ્ય નિર્ધારિત કરવામાં સૌ વિભાગને ગંભીરતાથી અમલવારી કરવા જણાવાયું હતું.

વિવિધ વિભાગ દ્વારા રોડ સેફ્ટી અંગે રોડ, રસ્તા, બ્રિજ સહિતની જગ્યાએ માર્ગદર્શક સાઈનેજીસ, રોડ એન્જીન્યરીંગ સહિતની કરવામાં આવેલી કામગીરી પ્રેઝન્ટેશન દ્વારા રજુ કરાઈ હતી.

આ બેઠકમાં અધિક પોલીસ કમિશનર શ્રી વિધિ ચૌધરી, નાયબ પોલીસ કમિશ્નર શ્રી પૂજા યાદવ, ટ્રાફિલ મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી જે.બી.ગઢવી, આર.ટી.ઓ. અધિકારી શ્રી કે.એમ.ખપેડ, શહેર માર્ગ સલામતી કમિટીના શ્રી જે.વી. શાહ, રૂડા, મહાનગરપાલિકા, આર.એન્ડ.બી., એન.એચ.એ.આઈ. એલ.એન્ડ.ટી., ૧૦૮, ટ્રાફિક શાખાના પોલીસ અધિકારીશ્રીઓ સહીત વિવિધ વિભાગના અધિકારીશ્રીઓ જોડાયા હતાં.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# વિદેશી દારૂ ભરેલું ટેન્કર જામનગર પહોંચે તે પહેલાં ક્રાઈમ બ્રાંચે બામણબોર પાસે ઝડપી લીધું

## થર્ટી ફર્સ્ટની ઉજવણી પૂર્વે ટેન્કરમાં ચોરખાનુ બનાવી લાવવામાં આવેલા ૮૮૫૬ બોટલ દારૂ સહિત રૂ.૫૦ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો






**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજસ્થાનથી ટેન્કરમાં ચોરખાનું બનાવી તેમાં છુપાવી જામનગર લઈ જવાતો ૪૦,૬૯,૪૦૦નો દારૂ રાજકોટ ક્રાઈમ બ્રાંચની ટીમે બામણબોર પાસેથી ઝડપી લઇ રાજસ્થાની શખ્સની ધરપકડ કરી રિમાન્ડ મેળવવા તજવીજ હાથ ધરી છે.

આ અંગેની માહિતી મુજબ મુજબ ૩૧ ડીસેમ્બર પૂર્વે દારૂની મોટાપાયે થતી હેરાફેરી ઉપર ખાસ વોચ રાખવાની સુચના અન્વયે રાજકોટ ક્રાઈમ બ્રાંચના પીઆઈ વાય બી જાડેજા, બી ટી ગોહિલના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ કે ડી પટેલ અને ટીમ પેટ્રોલીંગમાં હતી દરમિયાન સ્ટાફને ખાનગીરાહે મળેલી હકીકત આધારે રાજકોટ અમદાવાદ હાઈવે ઉપર આવેલ બામણબોર ચેકપોસ્ટ પાસે વોચ ગોઠવી હતી વોચ દરમિયાન બાતમીવાળું જી જે ૦૬ એ ઝેડ ૯૪૪૫ નંબરનું ટેન્કર પસાર થતા તેણે અટકાવી જડતી લેતા એક ચોરખાનું મળી આવ્યું હતું જે ચોરખાનું ખોલીને જોતા પોલીસ પણ ચોકી ઉઠી હતી કારણકે અંદરથી દારૂનો જંગી જથ્થો મળી આવ્યો હતો પોલીસે જુદી જુદી બ્રાંડનો ૮૮૫૬ બોટલ દારૂ જેની કીમત ૪૦,૬૯,૪૦૦ થતી હોય તે દારૂ, ૧૦ લાખનું ટેન્કર, ૧૦ હજાર રોકડા અને ૧૦ હજારનો મોબાઈલ ૫૦,૮૯,૪૦૦નો મુદામાલ કબજે કરી રાજસ્થાનના સાંચોર જીલ્લાના શરણાઉ ગામના ડ્રાયવર મંગળારામ ધનારામ ગોદારાની ધરપકડ કરી હતી.

પોલીસની પ્રાથમિક પૂછતાછમાં દારૂનો જથ્થો જામનગર મોકલવાનું હોવાની કબુલાત આપતા પોલીસે દારૂ મંગાવનાર, દારૂ મોકલનાર સહિતના સુધી પહોચવા રિમાન્ડ મેળવવા તજવીજ હાથ ધરી છે.

# ગોંડલ પોલીસે પકડેલા રૂા.૯૫ લાખના વિદેશી દારૂના જથ્થાનો નાશ કરાયો

**મુખ્ય સમાચાર, ગોંડલ**




ગોંડલ સિટી એ ડિવિઝન તેમજ તાલુકા પોલીસ દ્વારા શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં અલગ અલગ જગ્યાઓ પર કરવામાં આવેલ રેડ દરમ્યાન પકડાયેલ વિદેશી દારૂના મોટા પ્રમાણમાં જથ્થાનો શહેરના વોરા કોટડા રોડ પર આવેલ ખરાબાની જગ્યા માં ૭૦ હજાર થી વધુ વિદેશી દારૂની બોટલનો રૂપિયા ૯૫ લાખ થી વધુ કિંમત રૂપિયાનો નો નાશ કરવામાં આવ્યો હતો.

ગોંડલ સિટી એ ડિવિઝન પોલીસ દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં ૨૯ જેટલી કરવામાં આવેલ રેડ દરમ્યાન રૂપિયા ૧૫,૪૬,૬૫૦/- ની ૮૩૪૮ વિદેશી દારૂની બોટલો તેમજ તાલુકા પોલીસ દ્વારા છેલ્લા ૪ મહિના દરમ્યાન ગ્રામ્ય વિસ્તારમાં ૭ અલગ અલગ ગુન્હામાં કરવામાં આવેલ રેડ દરમ્યાન રૂપિયા ૭૯,૯૯,૧૬૫/- ની ૬૧,૯૨૨ વિદેશી દારૂની બોટલ નો શહેરના વોરા કોટડા રોડ પર આવેલ ખુલ્લી જગ્યામાં નાશ કરવામાં આવ્યો હતો. ગોંડલ સિટી એ ડિવિઝન તેમજ તાલુકા પોલીસ દ્વારા કરવામાં આવેલ રેડ દરમ્યાન કુલ ૯૫,૪૫,૮૧૫/- રૂપિયાની ૭૦, ૨૭૦ વિદેશી દારૂની બોટલનો નાશ કરવામાં આવ્યો હતો. દારૂ નાશ કરતા સમયે સ્થળ પર પોલીસ દ્વારા ચુસ્ત બંદોબસ્ત રાખવામાં આવ્યો હતો. પ્રાંત અધિકારી રાહુલ ગમારા, ડીવાયએસપી કે.જી ઝાલા, સિટી પીઆઈ એ.સી. ડામોર, તાલુકા પીએસઆઈ જે.એમ. ઝાલા, નશાબંધી અધિકારી હરદેવસિંહ ગોહિલ તેમજ સિટી અને તાલુકા પોલીસ સ્ટાફ ની હાજરીમાં વિદેશી દારૂના જથ્થાનો નાશ કરવામાં આવ્યો હતો.

# પડધરીના ખોખરી ગામે પત્ની ભાગી ગયાની ખોટી સ્ટોરી ઉભી કરનાર પતિનો ભાંડો ફૂટયો

## પત્ની હત્યા કરી લાશ વોંકળામાં દાટી દઈ પોતે વતનમાં ભાગી ગયો: પોલીસે મૃતક મહિલાના ભાઈની ફરિયાદ નોંધી પતિની ધરપકડ કરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**



રાજકોટ જીલ્લાના પડધરી તાલુકાના ખોખરા ગામે વાડીમાં રહેતા એમપીના શ્રમિકે પત્નીની હત્યા કરી લાશ વોકળા પાસે દાટી દઈ વતનમાં ભાગી જઈ શેઠને ફોન કરી પોતાની પત્ની કોઈ સાથે ભાગી ગયાનું જણાવી તેને શોધવા જવાનું કહી નીકળ્યા બાદ વાડીમાંથી પત્નીની લાશ મળી આવતા વાડીમાલિકે પોલીસને જાણ કરી હતી દરમિયાન પોલીસે શંકાના પરિઘમાં રહેલા પતિને સકંજામાં લઇ પુછતાછ કરતા પોતે જ ઝથડો થતા હત્યા કર્યાની કબુલાત આપતા પોલીસે ધરપકડ કરી છે.

પડધરીના ખોખરા ગામે રહેતા કનકસિંહ જાડેજા ગત સાંજે વાડીએ હતા ત્યારે શેઢા પાસે દુર્ગંધ આવતી હોય જેથી પોલીસને જાણ કરતા પડધરી PSI જી જે ઝાલા સહિતનો સ્ટાફ દોડી ગયો હતો ખાડો ખોદીને જોતા તેની જ વાડીમાં મજુરીકામ કરતી કેશરબાઈ સંતોષ બુડળીયા ઉ.૩૫ હોવાનું જાણવા મળ્યું હતું તેનો પતિ ગાયબ હોવાનું જણાવતા પોલીસે ફોરેનિ્સક પીએમ અર્થે મૃતદેહ રાજકોટ ખસેડયો હતો જ્યાં તેણીને બોથડ પદાર્થ ઝીંકી હત્યા કરી હોવાનો રીપોર્ટ આવતા પોલીસે મૃતકના ભાઈ દિલીપભાઈ હરીરામ બામનીયાની ફરિયાદ પરથી હત્યા કરી નાસી છુટેલા પતિ સંતોષ ગુડિયા સામે હત્યાનો ગુનો નોંધ્યો હતો. તપાસ દરમિયાન એવું જાણવા મળ્યું હતું કે આરોપીએ વાડીમાંલીકને ફોન કરી તેની પત્ની ગુમ થઇ ગઈ છે અને પોતે તેને શોધવા જાય છે તેવી ખોટી સ્ટોરી ઘડી કાઢી હતી જો કે પોલીસે વતનમાં ભાગી ગયેલા આરોપી સંતોષ રાધેશ્યામ બુડળીયાને પણ સકંજામાં લઈ પુછતાછ કરતા ગત ૪ તારીખે સોમવારે બંને વચ્ચે કોઈ બાબતે ઝઘડો થતા પોતે હત્યા કરી લાશ દાટી દઈ ભાગી ગયાની કબુલાત આપી હતી ચોક્કસ કારણ જાણવા પોલીસે આરોપીની ધરપકડ કરી રિમાન્ડ મેળવવા તજવીજ હાથ ધરી છે. માતાનું મોત અને પિતાને જેલવાસ બાદ ત્રણ પુત્ર અને એક પુત્રી નોધારા બની ગયા છે.

# જૂનાગઢમાં ઝડપાયેલાં નકલી ડીવાયએસપીએ રૂા.૨.૧૧ કરોડની લોકો સાથે છેતરપિંડી કરી

**મુખ્ય સમાચાર, જૂનાગઢ**



જૂનાગઢમાં નકલી Dy.SP બનીને રોફ જમાવતા વિનીત દવે નામના શખસને પોલીસ ઝડપી લીધો હતો. જૂનાગઢમાંથી અગાઉ મંત્રીના પીએ બનીને ફરતા શખસને ઝડપી પાડયો હતો ત્યારે વધુ એક નકલી ઉઠ. જી બનીને લોકો સાથે છેતરપિંડી કરતો શખસ જૂનાગઢમાંથી ઝડપાયો છે. આ અંગે જાણવા મળતી વિગતો મુજબ જુનાગઢ ફેમિલી કોર્ટમાં ડ્રાઈવર તરીકે ફરજ બજાવતા વિનીત બંસીલાલ દવે (ઉ.વ.૩૭) નકલી ડિવાયએસપી તરીકે તરીકે ફરતો હતો અને રોફ જમાવતો હતો. પોલીસના કાર્ડ પર પોતાનો ફોટો ચોંટાડીને નકલી ડિવાયએસપીનું કાર્ડ બનાવ્યું હતું. જ્યારે લોકોને પોલીસ વિભાગમાં નોકરી આપવાની લલાચ આપીને ડિવાયએસપી બનીને એક શખસ ફરતો હોવાની બાતમી મળી હતી. જૂનાગઢના એમજી રોડ પર આ શખસ ઉભો હોવાની માહિતી મળતા જ જુનાગઢ ક્રાઈમ બ્રાન્ચના પીઆઈ જે.જે. પટેલ તથા સ્ટાફ દ્વારા વિનીત દવેની ધરપકડ કરવામાં આવી હતી. અંદાજે રૂ.૨.૧૧ કરોડની છેતરપિંડી પણ આચરી જેની તપાસ દરમિયાન નકલી ડિવાયએસપીનુ જુનાગઢમાં નકલી કાર્ડ મળી આવ્યું હતું. પોલીસની પૂછપરછમાં વિનીત અમદાવાદનો રહેવાસી હોવાનું અને જુનાગઢ ફેમિલી કોર્ટમાં ફરજ બજાવતો હોવાનું જાણવા મળ્યું હતું. સાથોસાથ એવું જાણવા મળ્યું હતું કે, ફરજ પર હાજર રહેતો ન હોય તેને ફરજ પરથી છૂટો કરવામાં આવ્યો હતો. ઉપરાંત તેને અલગ-અલગ જિલ્લામાં કુલ ૧૭ લોકોને પોલીસમાં નોકરીની લાલચ આપી રૂ.૨.૧૧ કરોડની છેતરપિંડી કરી હોવાનું ખૂલ્યું હતું. પોલીસ જુદી-જુદી કલમ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# લાખાજીરાજ શ્રમજીવી સોસાયટીમાં નામચીન શખ્સ પિસ્ટલ સાથે ઝડપાયો

## અન્ય શખ્સો સાથે દુશ્મનાવટ ચાલતી હોવાની મિત્ર મારફતે હથિયાર મેળવ્યું: એસ.ઓ.જીની ટીમે તપાસ હાથ ધરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**



શહેરના સામાકાંઠે દૂધસાગર રોડ પર લાખાજીરાજ શ્રમજીવી સોસાયટીમાંથી નામચીન વાહન ચોરને દેશી બનાવટની પિસ્ટલ સાથે ઝડપી લઈ એસઓજીની ટીમે તપાસ હાથ ધરી છે.

આ અંગેની માહિતી મુજબ દૂધસાગર રોડ પર શ્રમજીવી સોસાયટીમાં રહેતો નામચીન ઈકબાલ ઉર્ફે ઈકુ ઉંમરભાઈ ઠેબા પાસે હથીયાર હોવાની માહીતીને આધારે પીઆઈ જેડી ઝાલા સહીતના સ્ટાફે ઈકબાલના ઘેર દરોડો પાડી તપાસ કરતા દેશી બનાવટની પિસ્ટલ મળી આવતા તેની ધરપકડ કરી તપાસ કરતા અગાઉ વાહન ચોર અને મારામારીના ગુનામાં પોલીસ ચોપડે ચડી ચુકયો હોવાનુ બહાર આવતા પોલીસે તેની પુછતાછ કરતા તેને તેના વિસ્તારમાં કેટલાક લોકો સાથે ઝગડાઓ ચાલતા હોય ૭ -૮ વર્ષથી તેના વિસ્તારમાં રહેતો તેનો મિત્ર કાળુ કાસમ પાસેથી હથીયાર લીધાનુ રટણ કરતા પોલીસે તેની વધુ પુછતાછ માટે રિમાંડની માંગ સાથે કોર્ટ હવાલે કરવાની તેમજ હથીયાર આપનાર વધુ આરોપીઓને પકડી લેવા મથામણ કરી હતી.

# વિંછીયાના ગેંગરેપના ગુનામાં નાસતા ફરતા આરોપીને દબોચી લેતી રૂરલ એસ.ઓ.જીની ટીમ

**મુખ્ય સમાચાર રાજકોટ**



રાજકોટ જિલ્લાના વિછીયા ગામે અગાઉ થયેલા ગેંગરેપ ના ગુનામાં છેલ્લા ઘણા સમયથી નાસ્તા કરતા આરોપીને દબોચી લેવામાં રૂરલ એસોજીની ટીમને સફળતા મળી છે.

અંગેની માહિતી મુજબ જિલ્લા પોલીસ અધિક્ષક દ્વારા આરોપીઓને શોધવા અંગેની સૂચના આપવામાં આવતા રૂરલ એસ ઓ જી ના ઇન્ચાર્જ પીઆઇ બીસી મિયાત્રા એસ આઇ અતુલભાઇ હેડ કોન્સ્ટેબલ વિજયભાઈ સહિતનો સ્ટાફ ગ્રામ્ય વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે અગાઉ વિછીયા પોલીસ ના ગેંગરેપના ગુનામાં નાસ્તો કરતો દેવધરી ગામનો મેહુલ ઉર્ફે અંકુર કાના સોલંકી નામનો શખ્સ ગામમાં હોવાની હકીકતના આધારે પોલીસે ખાનગી વાહનમાં ઉપરોક્ત ગામે દોડી જાય શખ્સને દબોચી લઈ ધોરણ સર ની કાર્યવાહી યાદ કરી હતી

# ઊનાના મોઠા ગામની સગીરાનું અપહરણ કરી દુષ્કર્મ આચરનાર નરાધમને ૧૦ વર્ષની સજા

**મુખ્ય સમાચાર, ઊના**



ઊનાના મોઠા ગામના શખ્સે નાંદરખ ગામની સગીરવયની યુવતીને લગ્ન કરવાના ઈરાદે બાઇકમાં લઈ જઈ અવાર નવાર અલગ અલગ જગ્યાએ તેની મરજી વિરૂધ દુષ્કર્મ આચરેલ હોવા અંગેનો કેઈસ ઉના પે.પોસ્કો કોર્ટમાં ચાલી જતાં આરોપીને ૧૦ વર્ષની શખ્ત કેદની સજા તેમજ રૂ.૧૦ હજારનો દંડ ફટાકારેલ છે.

ઊનાના મોઠા ગામે રહેતો મસરી ઉર્ફે મુત્રો નોંધણ પરમારે ગત તા. ૧૨ ડિસે, ૨૦૦૮ના રોજ રાત્રીના ૧૨ વાગ્યાના સમયે સગીરવયની યુવતી પોતાના ઘરની બાજુમાં કુદરતી હાજતે ગયેલ હતી. અને ત્યાથી પરત ફરતી હતી એ વખતે મસરી ઉર્ફે મુત્રો નોંધણ પરમાર પોતાની બાઇક લઇ પહોંચી અને કહેલ કે મારી સાથે બાઈકમાં બેસી જા તારી સાથે લગ્ન કરવા છે નહીં તો તારા ભાઈને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. અને નાંદરખ ગામની સીમમાં લઈ જઈ સગીરયુવતીની મરજી વિરૂધ દુષ્કર્મ આચરેલ હતુ. ત્યાર બાદ નાંદરખ ગામમાં લઈ ગયેલ જ્યાં નગુ દુદા પરમાર રહે. મોઠા વાળો આમ બન્ને શખ્સોએ બાઈકમાં બેસાડી સાળવા. ચોકડીએ મુકી ગયેલ હતા. ત્યાર બાદ મસરી ઉર્ફે મુન્નો તેને અમદાવાદ મુકામે લઈ જઈ ૧૫ દિવસ સુધી તેની સાથે અવાર નવાર મરજી વિરૂધ દુષ્કર્મ ગુજારેલ હતો. ભોગબનનારે ત્યાથી અન્ય કોઈ બહેનના મોબાઈલ માંથી પોતાના પિતાને મોબાઈલ પર આ અંગે જાણ કરતા ત્યાથી સગાસંબંધી પરે લઈ આવેલ હતા. આ સમગ્ર ઘટના બાબતે તા.૨૩/૧/૨૦૧૯ના ઉના પોલીસમાં ફરીયાદ નોધાવતા પોલીસે તપાસ હાથ ધરી હતી. અને શખ્સને પોલીસે ઝડપી તેના વિરૂધ ચાર્જશીટ તૈયાર કરી કોર્ટમાં રજુ કરતા ભોગબનનાર, મેડીકલ ઓફીસર, પોલીસ, સાહેદોની જુબાની તથા સરકારી વકીલ મોહનભાઈ ગોહીલની ધારદાર દલીલોને ધ્યાને હરાખી સ્પેશ્યલ પોસ્કો કોર્ટેના જજ રેખાબેન આસોડીયાની કોર્ટે આરોપીને દોષીત ઠેરાવી ૧૦ વર્ષની શખ્ત કેદ ચકચાર કેસમાં ૩ વર્ષ પછી કોર્ટનો ઐતિહાસિક ચૂકાદો તેમજ રૂ.૧૦ હજારનો દંડનો હુકમ ફરમાવેલ છે તેમજ મદદ કરનાર નઝ દુદાને કોર્ટે શંકાનો લાભ આપી મુક્ત કરેલ : અને આરોપી મસરી ઉર્ફે મુન્નાને જેલ હવાલે કરાયો છે.

# ભાયાવદર પંથકમાં કોપર વાયરની ચોરી કરતી ગેંગ ઝડપાઈ

## રૂરલ એલસીબીની ટીમે ચોરીનો માલ વેચવા નીકળેલા પાંચ શખ્સોને દબોચી લઈ ₹૨,૪૦,૦૦૦નો મુદ્દામાલ કબજે કર્યો

**મુખ્ય સમાચાર રાજકોટ**



ભાયાવદર પંથકમાં છેલ્લા ઘણા સમયથી કોપર વાયર ની ચોરી કરતી ગેંગ સક્રિય બની હોય જેથી રૂરલ એલસીબીની ટીમે ચોરી કરતી ગેંગના પાંચ શખ્સોને દબોચી લઈ ₹૨,૪૦,૦૦૦ નો મુદ્દા માલ કબજે કર્યો છે.

અંગેની માહિતી મુજબ ભાયાવદર વિસ્તારમાં કોપર વાયર ચોરીના બનાવ બનતા રુરલ એલસીબી પીઆઇ વીવી ઓડેદરા ની સૂચનાથી પીએસઆઇ ડીજી બડવા પીએસઆઇ એચસી ગોહિલ સહિતનો સ્ટાફ ભાયાવદર વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન ચોક્કસ બાતમીના આધારે ચોરાવ માલ વેચવા નીકળેલા કિશન ગોરધન મકવાણા રહે પોરબંદર ગાયત્રી મંદિર સામે ખાડામાં તથા પોરબંદરના નવા કુંભારવાડા નો પરેશ રાજુ મેથાણીયા તથા મયુર સુરેશ મકવાણા અને લાખો પુના સોલંકી નામના ચાર શખ્સોને અતુલ રીક્ષામાં દબોચી લઈ કોપર વાયર અને રોકડ સહિત ₹ ૨,૩૯,૦૦૦ નો મુદ્દા માલ કબજે કર્યો હતો

# યુવરાજનગરમાં ભણવા બાબતે ઠપકો આપતા માઠુ લાગી જતાં તરૂણીનો આપઘાત

## મવડીના પટેલનગરમાં યુવાનનો ગળાફાંસો ખાઈ આપઘાત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

આજીડેમ ચોકડી પાસે આવેલા યુવરાજનગર મફતિયાપરા વિસ્તારમાં રહેતી ધો.૭ માં અભ્યાસ કરતી તરુણીને તેની માતાએ ભણતર બાબતે ઠપકો દેતા પોતાના ઘરે હતી ત્યારે બપોરના ત્રણેક વાગ્યાના અરસામાં પાઈપમાં ચૂંદડી બાંધી ગળેફાંસો ખાઈ લીધો હતો.જ્યારે બીજા બનાવમાં મવડી નજીક ઓમનગર પાસે પટેલનગરમાં રહેતા અને મિસ્ત્રી કામ કરતા યુવકે અગમ્ય કારણોસર ગળેફાંસો ખાઈ જીવન ટુંકાવી લેતા પરિવારમાં અરેરાટી પ્રસરી જવા પામી છે.

આ અંગેની માહિતી મુજબ આજીડેમ ચોકડી પાસે આવેલા યુવરાજનગર મફતિયાપરા વિસ્તારમાં રહેતીકિંજલબેન ભરતભાઈ ગોંડકીયા નામની ૧૩ વર્ષની તરુણી ગળેફાંસો ખાઈ લેતા તેની માતા વનીતાબેન જોઈ જતા તાત્કાલિક બચાવી લીધી હતી અને તરુણીને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી.

આ બનાવ અંગેઆજીડેમ પોલીસને જાણ કરતા સ્ટાફ તાત્કાલિક હોસ્પિટલ ખાતે દોડી ગયો હતો. અને પ્રાથમિક પૂછપરછમાં કિંજલ પાંચ બહેનમાં વચ્ચેટ છે તેને પિતા કારખાનામાં નોકરી કરે છે કિંજલ ધો.૭માં અભ્યાસ કરે છે અને હવે નહીં ભણવાની જીદ કરતી હતી ત્યારે માતા વનિતાબેને તું ધોરણ આઠ સુધી અભ્યાસ કરી લે બાદમાં ન ભણતી તેવું સમજાવતા કિંજલને લાગી આવતા ગળેફાંસો ખાઈ લીધો હોવાનું જાણવા મળ્યું છે.આ અંગે આજીડેમ પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

બીજા બનાવમાં મવડી નજીક ઓમનગર પાસે પટેલનગરમાં રહેતા રાહુલ ધીરુભાઈ લાડવા(ઉ.વ.૩૧) એ રાત્રીના પોતાના ઘરે ગળેફાસો ખાઈ લેતા તેમને હોસ્પિટલમાં ખસેડવામાં આવતા ફરજ પરના તબીબે તેઓને મૃત જાહેર કર્યા હતા.તેઓ મૂળ વેરાવળના ઉમરી ગામના વતની છે.તેઓને સંતાનમાં એક પુત્ર છે પોતે બે ભાઈ એક બહેનમાં વચેટ હતા.રાહુલભાઈ મિસ્ત્રી કામ કરી પરિવારનું ગુજરાન ચલાવતા હતા.હાલ પોલીસે આપઘાતનું કારણ જાણવા તજવીજ હાથ ધરી છે.